# ❖ મકાઈ(MAIZE)

મકાઈ દાણા અને ઘાસચારા માટે ઉગાડવામાં આવે છે. ધાન્ય વર્ગના ઘાસચારાના પાકોમાં મકાઈનું સ્થાન જુવાર પછી બીજુ છે. આ પાકનું વાવેતર ભારતમાં મુખ્યત્વે પંજાબ, હરીયાણા, હીમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, બિહાર અને તામીલનાડુ રાજયમાં થાય છે. ગુજરાતમાં મુખ્યત્વે સાબરકાંઠા, પંચમહાલ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં મકાઈનું વાવેતર થાય છે. આ પાક તેની ઝડપી વૃધ્ધિ , વધુ ઉત્પાદન અને રસાળ ચારો તેમજ તેની વૃધ્ધિના કોઈપણ તબ્બકે કાપીને પશુઓને ખવડાવી શકાતો હોવાથી ડેરી વિસ્તારમાં વધુ પ્રચલિત થયેલ છે. મકાઈનું મુળ વતન મેકસીકો છે. આ પાક ઠંડીનો પ્રતિકાર કરી શકે છે પરંતુ વધુ પડતુ ભેજવાળુ કે સુકી હવામાન તેના માટે નુકશાનકારક છે.



**સુધારેલી જાતો**

ઘાસચારાના પાક માટે કોઈ ખાસ જાત વિકસાવવામાં આવેલ નથી પરંતુ દાણા માટેની જાતો તે વિસ્તારમાં ઘાસચારા તરીકે લઈ શકાય છે. ગંગા સફેદ–૨, ગંગા–૫, વિજય કમ્પોઝીટ, વિક્રમ કમ્પોઝીટ, જીએમ–૧, ફાર્મ સમેરી, મોતી કમ્પોઝીટ અને આફ્રિકન ટોલ ઘાસચારા તરીકે લેવામાં આવે છે. પાયોનિયર હાઈબ્રીડ જાત ખેડૂતોમાં પ્રચલિત છે.

**જમીનઃ** ફળદ્રુપ અને સારા નિતારવાળી જમીન જેમાં સેન્દ્રિય પદાર્થનું પ્રમાણ વધારે હોય તેવી ભરભરી જમીનમાં આ પાક સારો થાય છે.

**જમીનની તૈયારીઃ** હળની બે ખેડ તથા કરબની એક ઉંડી ખેડ કરવી, ત્યારબાદ સમાર મારી જમીન સમતળ કરવી.

**વાવણી**: ચોમાસુ પાક તરીકે ચોમાસામાં વરસાદની શરૂઆત થતાં તરત જ અને શિયાળુ પાક તરીકે ઓકટોબરના બીજા કે ત્રીજા અઠવાડિયા અને ઉનાળુ પાક તરીકે માર્ચ માસના પ્રથમ અથવા બીજા અઠવાડિયે વાવણી કરવી જોઈએ. બિયારણનો દર ૬૦ કિગ્રા. / હે. રાખવો. વાવણી અંતર બે હાર વચ્ચે ૨૫ થી ૩૦ સે.મી. અને લાઈનમાં બે છોડ વચ્ચે ૧૫ સે.મી. પુરતુ છે.

**ખાતર**: શિયાળુ મકાઈમાં ૧૨૦ કિગ્રા. નાઈટ્રોજન પ્રતિ હેકટરે આપવાથી લીલાચારા તેમજ શુષ્ક પદાર્થનું ઉત્પાદન વધારે મળેલ હતું. લીલા ચારા તેમજ શુષ્ક પદાર્થના ઉત્પાદન ઉપર ફોસ્ફરસના પ્રમાણની અસર જોવા મળેલ ન હતી. જે જમીનમાં ફોસ્ફરસનું પ્રમાણ ઓછું હોય ત્યાં પ્રતિ હેકટરે ૩૦ કિગ્રા. ફોસ્ફરસ આપવું જોઈએ.

**નિંદણ નિયંત્રણ**: એક આંતર ખેડ અને વાવણી પછી ૩૦ થી ૩૫ દિવસે એક વખત હાથથી નિંદામણ કરવું.

**પિયત**:  જો ચોમાસામાં વરસાદની  એકસરખી વહેંચણી હોય તો પિયતની ખાસ જરૂરીયાત રહેતી નથી. શિયાળુ પાક માટે ૧૫ દિવસના આંતરે ૫ થી ૬ પિયત અને ઉનાળુ પાક માટે ૧૦ દિવસના આંતરે ૬ થી ૭ પિયત જમીનની જાત પ્રમાણે આપવાથી લીલાચારાનું વધારે ઉત્પાદન મળે છે.

**આંતર પાક**: શિયાળામાં વધારે લીલાચારા અને શુષ્ક પદાર્થના ઉત્પાદન માટે ઓટ અને મકાઈને આડી ઉભી વાવણીવાળી માવજત અન્ય બીજી માવજતો કરતાં સારી માલુમ પડેલ છે.

**કાપણી**:  આ પાકની કાપણી કોઈપણ અવસ્થાએ થઈ શકે છે પરંતુ દૂધિયા દાણા સમયે કાપણી કરવાથી વધારેમાં વધારે લીલોચારો, શુષ્ક પદાર્થ અને ક્રુડ પ્રોટીનનું ઉત્પાદન મળે છે.

**બીજનું પ્રાપ્તી સ્થાનઃ**  મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

**ઉત્પાદન**:  ચોમાસામાં ૩૦૦ થી ૪૦૦  કિવન્ટલ , શિયાળામાં ૪૦૦ થી ૫૦૦ કિવન્ટલ અને ઉનાળામાં ૩૫૦ થી ૪૫૦ કિવન્ટલ પ્રતિ હેકટરે ઉત્પાદન મળે છે.